**–:: રીકવરી (૩૩, સી–૨) અરજી નં.૧૭/૨૦૧૯ ના સામાવાળાની આંક–૨૦ ની અરજી તળે હુકમ ::–**

(૧) આ કામના સામાવાળા સીમા કંપનીએ આંક–૨૦ ની અરજી રજુ કરી જણાવેલ છે કે, સામાવાળી સંસ્થાના લેણદારે નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, ચેન્નઈ સમક્ષ દાખલ કરેલ પીટીશન અન્વયે તેઓની સંસ્થાનો વહીવટ રીઝોલ્યુશન પ્રોફેશનલને સુપ્રત કરવામાં આવેલ છે અને તેઓની સંસ્થાને કોર્પોરેટ ડીબેટર તરીકે જાહેર કરેલ છે અને આઈઆરપી તરીકે શ્રી સુશિલકુમાર સિંઘણની નિમણુંક કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, કેન્દ્ર સરકાર ધ્વારા જુન–૨૦૧૬માં કંપનીનો કાયદો ૨૦૧૩ કલમ–૪૦૮ (૧૮) દાખલ કરી નેશનલ કંપની લો–ટ્રીબ્યુનલની રચના કરવામાં આવેલ છે. સદર કાયદાની કલમ–૩૧ અન્વયે જે દાવાઓ એનસીએલટી ની મજકુર પીટીશનમાં થયેલ મજકુર હુકમ બાદ કોઈ પણ કોર્ટને સામાવાળા વિરુઘ્ધ કાર્યવાહી કરવાની સત્તા રહેતી નથી. જેથી હાલની અરજી/પડતર વિવાદ કાયદેસર રીતે ટકી શકતો નથી.

(૨) જેની સામે અરજદારે આંક–૨૧ થી પોતાનો લેખિત જવાબ રજુ કરી, જણાવેલ છે કે, નેશનલ કંપની લો બોર્ડ ધ્વારા કરવામાં આવેલ હુકમમાં ઈનસોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ–૨૦૧૬ ની કલમ–૧૪(૧)(અ) માં કરવામાં આવેલ જોગવાઈને ઘ્યાને લેતાં સદર કલમમાં દાવો દાખલ કરવાના હકકને મોકુફ રાખવાના ઉલ્લેખની સાથે સાથે ચાલી રહેલ દાવો અથવા ચાલી રહેલ કાર્યવાહી મોકુફ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. સદર કલમમાં ''દાવા'' શબ્દના ઉલ્લેખને ઘ્યાને લઈએ તો હાલની કાર્યવાહીને કોઈ પણ સંજોગોમાં દાવો કહી શકાય નહી. તે જ રીતે વિવિઘ અદાલતો ધ્વારા આપવામાં આવેલ ચુકાદાઓમાં ''કાર્યવાહી'' શબ્દનું કરવામાં આવેલ અર્થઘટન ઘ્યાને લઈએ તો ''કાર્યવાહી'' શબ્દમાં માત્ર અને માત્ર દેવું વસુલાત માટેની કાર્યવાહીનો સમાવેશ થાય છે. તમામ પ્રકારની કાર્યવાહીનો સમાવેશ થતો નથી. જેથી હાલની કાર્યવાહી તે દેવું વસુલાત માટેની કાર્યવાહી કહી શકાય નહી. જેથી સામાવાળા કંપનીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) જયારે આ કામના સામાવાળા નં.૧ હેલેક્ષ સીકયુરીટી તરફે સામાવાળા નં.૨ ની અરજી સામે પોતાનો કોઈ જ લેખિત જવાબ રજુ કરેલો નથી. પરંતુ અરજદાર

તરફે જે જવાબ તથા દલીલો રજુ કરેલ છે તે જ પોતાનો જવાબ અને દલીલો ગણી લેવા વિનંતી કરેલી છે.

(૪) આ કામના સામાવાળા કંપની તરફે તેમના વિ.વ.શ્રીએ ઉપરોકત અરજી રજુ કરી, પોતાની અરજી મુજબની દલીલો હોવાનું જણાવેલ છે. વિશેષમાં તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ ધ્વારા સામાવાળી સંસ્થાને કોર્પોરેટ ડીબેટર તરીકે જાહેર કરેલ છે અને કંપનીના દેવાઓ માટે આઈઆરપીની નિમણુંક કરવામાં આવેલ છે. સદરહું લો ટ્રિબ્યુનલના ચુકાદા સામે અપીલ થતા તેને રદ કરવામાં આવેલ અને ત્યારબાદ તા.૧૪/૨/૨૦૨૫ ના રોજ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે(એપેલેટ) ફરીથી સામાવાળી સંસ્થાને કોર્પોરેટ ડીબેટર તરીકે જાહેર કરી, આઈઆરપી ની નિમણુંક કરેલી છે. જેથી સામાવાળી સંસ્થા સામે જે કોઈ પણ દાવાઓ અને અરજીઓ જે કોઈ પણ અદાલત અથવા તો બોર્ડ અથવા તો ટ્રિબ્યુનલ સમક્ષ ચાલુ હોઈ અથવા તો તેમાં હુકમો થયેલા હોઈ તેમ છતાં તે તમામ કાર્યવાહીઓ રદબાતલ ગણાશે અને આઈ.આર.પી. સમક્ષ દાવાઓ દાખલ કરી નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ ધ્વારા નકકી થયેલા પ્રમાણમાં ચુકવણાં કરી શકાય. જેથી હાલની અરજી તથા સામાવાળી સામે અત્રેની અદાલત સમક્ષ ચાલતી તમામ અરજીઓ, કેસો અને દાવાઓ રદ કરવા જોઈએ.

(૫) આ કામે અરજદાર તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના સામાવાળી કંપની સામે ઈનસોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ–૨૦૧૬ (હવે પછી 'આઈબીસી' તરીકે ઉલ્લેખેલ છે.) ની કલમ–૧૪(૧)(અ) અન્વયે તેમની સામે ચાલતી કાર્યવાહીઓ સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને તેમાં આઈ.આર.પી. ની નિમણુંક કરવામાં આવેલ છે. તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આઈબીસી–૨૦૧૬ ની કલમ–૧૪(૧)(અ) ની જોગવાઈ વંચાણે લઈએ તો તેમાં દાવો દાખલ કરવાના હકકને મોકુફ રાખવાની તથા ચાલી રહેલ કાર્યવાહીને મોકુફ રાખવાની જોગવાઈ છે. અત્રેની અદાલત સમક્ષ ચાલતી હાલની અરજી તે દાવો નથી. તેથી તેને આ જોગવાઈ લાગુ કરી શકાય નહી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આઈબીસી–૨૦૧૬ ની કલમ–૧૪(૧)(અ)માં જે કાર્યવાહી શબ્દ પ્રયોજવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં

આવે તો, અલગ અલગ અદાલતોએ જે કાર્યવાહીઓ કરેલ છે તે શબ્દમાં માત્ર અને માત્ર દેવું વસુલાત માટેની કાર્યવાહીનો સમાવેશ થાય છે. તમામ પ્રકારની કાર્યવાહીનો સમાવેશ થતો નથી. હાલની અરજીની કાર્યવાહી તે કોઈ પણ અર્થમાં દેવુ વસુલાત માટેની કાર્યવાહી કહી શકાય નહી.

(૬) આ તબકકે આઈબીસી–૨૦૧૬ ની કલમ–૧૪(૧)(અ) ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

14. Moratorium.—(1)Subject to provisions of sub-sections (2) and (3), on the insolvency commencement date, the Adjudicating Authority shall by order declare moratorium for prohibiting all of the following, namely:—

(a) the institution of suits or continuation of pending suits or proceedings against the corporate debtor including execution of any judgment, decree or order in any court of law, tribunal, arbitration panel or other authority;

(૭) ઉપરોકત આઈબીસી ની કલમ–૧૪ માં મોરેટોરીયમ અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. મોરેટોરીયમ એટલે મોકુફી, દેવા–મોકુફી અથવા તો દેવા મોકુફીની મુદૃત કરી શકાય. કલમ–૧૪ નો ઉપયોગ કરી નિર્ણાયક સત્તાધીકારી નાદાર જાહેર થયેલ સંસ્થા સામે **કોઈ પણ અદાલત, ટ્રીબ્યુનલ, આર્બીટ્રિશન પેનલ અથવા તો ઓથોરીટી** માં કોઈ **દાવો દાખલ કરવા સામે, દાવો ચલાવવા સામે, દાખલ થયેલ દાવાની કાર્યવાહી કરવા સામે પ્રતિબંધ** મુકી શકે છે અને તેમાં કોઈ પણ અદાલત, ટ્રીબ્યુનલ, આર્બીટ્રિશન પેનલ અથવા તો ઓથોરીટીના **ચુકાદા, હુકમનામા અથવા આદેશ પણ સામેલ છે**. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલનાઓએ CP/IB/173(CHE)/2023 માં જે ચુકાદો આપેલો છે તેના પેરા–૪૩ માં તેઓએ આઈબીસી–૨૦૧૬ ની કલમ–૯(૫) અન્વયે અરજદારની અરજી ગ્રાહય રાખી જે તે વખતે સુશીલકુમાર સિંઘલનાઓને ઈન્ટ્રીમ રીઝોલ્યુશન પ્રોફેશનલ(આઈ.આર.પી.) તરીકે જાહેર કરેલા હતા. ત્યારબાદ આ ચુકાદાના પેરા–૪૪ માં ટ્રિબ્યુનલ દ્વારા આઈબીસી–૨૦૧૬ ની કલમ–૧૪(૧) ટાંકી તે મુજબ વર્તવાનું ઠરાવેલ છે. આ ઉપરાંત કલમ–૧૪(૨)(૨–એ)(૩) અને (૪) મુજબ પણ વર્તવાનું ઠરાવેલ છે. આ ચુકાદાને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની નામ. ડીવીઝન બેંચ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે અને ફરીથી નવા આઈઆરપી ની નિમણુંક કરી આ ચુકાદા મુજબ વર્તવાનું તા.૧૪/૨/૨૦૨૫ ના ચુકાદામાં ઠરાવેલ છે. તે સંજોગોમાં

અરજદારના વિ.વ.શ્રીની રજુઆત કે, હાલની અરજી તે કોઈ દાવો કે કાર્યવાહી નથી તે રજુઆત ટકવાપાત્ર રહેતી નથી. કારણ કે, કલમ–૧૪ માં ચુકાદા, હુકમનામા, આદેશનો અમલ કરવા સામે તથા દાવો દાખલ કરવા સામે, ચાલુ દાવામાં કાર્યવાહી કરવા સામે, દાવો ચલાવવા સામે પ્રતિબંધ મુકવામાં આવેલો છે. પછી ભલે તે કોઈ પણ ન્યાયની અદાલતના, આર્બીટ્રેશન પેનલના કે કોઈ ઓથોરીટીના હોઈ. આમ હાલની મજુર અદાલતને પણ આ કલમ–૧૪ ની જોગવાઈઓ લાગુ પડે છે અને જયારે નેશનલ કંપની લો ટ્રીબ્યુનલે સામાવાળી સંસ્થા સામે કલમ–૧૪ મુજબની કાર્યવાહી થવાનું ઠરાવેલ હોઈ ત્યારે હાલની અદાલતને પણ સામાવાળી સંસ્થા સાથે કોઈ પણ તબકકાની કોઈ પણ તકરાર ચલાવવાની, સાંભળવાની, નિર્ણય કરવાની કે ચુકાદાઓનો અમલ કરાવવાની, વસુલાત કરાવવાની કાર્યવાહી કરવાની, હુકમનામા કરવાની આદેશોનું પાલન કરાવવાની હકુમત રહેતી નથી.

(૮) આ ઉપરાંત હાલની અદાલતને તથા હાલની અદાલતમાં દાખલ કરવામાં આવેલ હાલની અરજી કયાં કાયદા હેઠળ દાખલ કરેલી છે તે અને તે કાયદામાં રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષના ન્યાય નિર્ણય હેઠળની કોઈ બાબત હોઈ ત્યારે શું જોગવાઈ કરવામાં આવેલી છે તે ઘ્યાને લેવી ઘટે.

અરજદાર તરફે હાલની અરજી તે આઈ.ડી. એકટની કલમ–૩૩ અન્વયે દાખલ કરેલી છે. જેથી આ કાયદાની કલમ–૧૦(૬)(ક અને ખ) માં જે જોગવાઈ કરવામાં આવેલી છે તે ઘ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબની છે.

**કલમ–૧૦:– તકરારો બોર્ડ, કોર્ટ અથવા ટ્રિબ્યુનલને મોકલવા બાબત.....**

(૬) રાષ્ટ્રીય ટ્રિબ્યુનલને પેટા કલમ–(૧–ક) હેઠળ કોઈ બાબત મોકલવામાં આવેલ હોય ત્યારે આ અધિનિયમમાં ગમે તે મજકુર હોય તે છતાં, રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ ન્યાય નિર્ણય હેઠળ હોય એવો કોઈ પણ બાબતનો ન્યાય નિર્ણય કરવાની **કોઈ પણ મજુર કોર્ટ અથવા ટ્રિબ્યુનલને હકુમત રહેશે નહી** અને એ મુજબ

(ક) રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ ન્યાય નિર્ણય હેઠળની બાબત કોઈ મજુર કોર્ટ અથવા ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહીમાં નિકાલ બાકી હોય તો યથાપ્રસંગ, તે *મજુર કોર્ટ* અથવા ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહી એવી બાબત સબંધી હોય

તેટલે અંશે રાષ્ટ્રીય ટ્રિબ્યુનલને એવી બાબત મોકલવામાં આવતા **રદ કરવામાં આવી છે એમ ગણાશે** ; અને

(ખ) રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ ન્યાય નિર્ણય હેઠળ હોય તે બાબત સબંધમાં રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ કાર્યવાહી નિકાલ બાકી હોય તે દરમ્યાન તે બાબત ન્યાય નિર્ણય માટે કોઈ મજુર કોર્ટને અથવા ટ્રિબ્યુનલને મોકલવાનું સમુચિત સરકાર માટે કાયદેસરનું ગણાશે નહી.

(૯) ઉપરોકત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટમાં કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, તેમાં કલમ–૧૦(૬)(ક) માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ ન્યાય નિર્ણય હેઠળની બાબત જયારે કોઈ પણ મજુર અદાલતમાં કાર્યવાહીમાં નિકાલ બાકી હોય તો તે મજુર અદાલત સમક્ષની કાર્યવાહી રાષ્ટ્રીય ટ્રિબ્યુનલને એવી બાબત મોકલવામાં આવતા રદ કરવામાં આવી છે તેમ ગણાશે. હાલના કેસમાં સામાવાળી સંસ્થાને કોર્પોરેટ ડીબેટર ઠરાવવામાં આવેલ છે અને ઈન્ટ્રીમ રીઝોલ્યુશન પ્રોફેશનલની નિમણુંક કરી દેવામાં આવેલી છે અને નામ. નેશનલ કંપની લો એપેલેટ ટ્રીબ્યુનલની ડીવીઝન બેંચે તેમના તા.૧૪/૨/૨૦૨૫ ના રોજના હુકમમાં લેણદારોએ પોતાના દાવા સદરહું આઈ.આર.પી. સમક્ષ રજુ કરવા તેવું ઠરાવી દિધેલ હોઈ ત્યારે પણ હાલની આ અરજી અત્રેની અદાલતમાં ટકવાપાત્ર રહેતી નથી.

(૧૦) વધુમાં આ બાબતે નેશનલ કંપની લો એપેલેટ ટ્રીબ્યુનલની ડીવીઝન બેંચે તેમના તા.૧૪/૨/૨૦૨૫ ના રોજના હુકમમાં તેમના પેરા–૯ થી પેરા–૧૧ માં નીચે મુજબનું ઠરાવેલ છે.

**9.** In the instant case, the CIRP was initiated against the Corporate Debtor on an application filed by the Operational creditor under Section 9 of IBC vide order dated 09.07.2024. The IRP invited the claims and constituted the CoC. The Applicant also submitted the claim as seen from the list of creditors forming part of the CoC where the Applicant had 83.26% voting. As seen from the application, the unit of the Corporate Debtor stopped w.e.f. 19.01.2018 and the workers were not paid the salary since then. During the pendency of LPA before the Hon'ble High Court, the parties entered into a settlement on 25.03.2019. The Hon'ble High Court recorded the settlement and directed the parties to abide the terms and conditions of the settlement vide order dated 29.03.2019. It was agreed upon between the union and the Corporate Debtor that the amounts due shall be treated as the secured creditor and the workmen shall have exclusive

lien on the sale proceeds. It is seen from the list of claims that after the earlier order of CIRP, the RP had admitted the claims filed by the workmen / Applicant.

**10.** It may be true that unit was closed on 19.01.2019 and the workmen were not paid salary w.e.f. February 2019, but from the list of creditors we find that there are other creditors of the Corporate Debtor including M/s. Overdrive Electronics Pvt Ltd, the defendant Creditor/Applicant in CP(IB)/173(CHE)/2023. The debt amount in respect of Overdrive Electronics Pvt. Ltd. is Rs. 2,44,33,511/- which is more than the threshold limit of Rs. 1.0 Crore as defined under Section 4 of IBC. There was a default in the payment of debt. M/s. Overdrive Electronics Pvt Ltd has already initiated the IBC proceedings against the Corporate Debtor by filing the application under Section 9 of IBC. The earlier order for CIRP was 09.07.2024. On the basis of the order, the Applicant / Trade Union had filed the claim which the IRP had also admitted.

**11.** Similarly, if the application of M/s. Overdrive Electronics Pvt Ltd is allowed under Section 9 of IBC, the Applicant / Trade Union will have an opportunity to file the claim before the IRP and include it in the list of creditors. It may be true that the unit of the Corporate Debtor is closed and there are minimal chances of revival of the Company but the Corporate Debtor has to go into the process of CIRP. The assets of the Corporate Debtor are to be distributed among the stakeholders / creditors under section 53 of IBC.

(૧૧) ઉપરોકત ચુકાદામાં નામ. નેશનલ કંપની લો ટ્રીબ્યુનલે (એપેલેટ) ઠરાવેલ છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલ એલ.પી.એ. માં, કામદાર યુનીયન અને કંપની વચ્ચે સમાધાન થયેલ હતું અને તે સમાધાનનો પક્ષકારોએ સ્વીકાર કરેલો હતો. તે દરમ્યાન સદરહું કંપનીની મિકલતો બાબતે આઈ.આર.પી. ની નિમણુંક થયેલી છે. જેથી કામદારોના દાવાઓ મંગાવવામાં આવેલા છે અને આઈ.આર.પી. એ તેઓના દાવાઓ સ્વીકારી તે મુજબ કામદારોને રકમ ચુકવવાની છે. તે સંજોગોમાં પણ હાલની અરજીનો ન્યાય નિર્ણય તે અત્રેની અદાલતની હકુમત બહારની બાબત બની જાય છે. કારણ કે, જો અલગ અલગ ઓથોરીટીઓ ધ્વારા એક જ વિષય વસ્તુની બાબતમાં અલગ અલગ હુકમો થાય તો ઘણી બધી વિસંગતતાઓ અને અવ્યવસ્થા ઉભી થાય. તે હેતુસર જ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૧૦(૬)(ક) માં રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ ન્યાય નિર્ણય હેઠળની બાબતો માટે મજુર અદાલત પાસે નિકાલ બાકી હોવા છતાં પણ કોઈ સત્તા રહેલી નહી હોવાનું અને તે રદ કરવામાં આવી છે તેમ ગણાશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

(૧૨) આ ઉપરાંત આઈબીસી ની કલમ–૨૩૮ માં જે જોગવાઈ કરવામાં આવેલી છે તે અત્રે ધ્યાને લેવી જરૂરી છે.

**238. Provisions of this Code to override other laws. -**

The provisions of this Code shall have effect, notwithstanding anything inconsistent therewith contained in any other law for the time being in force or any instrument having effect by virtue of any such law.

આઈબીસી ની કલમ–૨૩૮ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે આ કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ હોઈ ત્યારે માત્ર અને માત્ર આઈબીસીના કાયદાની જોગવાઈઓ જ લાગુ થશે પછી ભલે તે સમયે અન્ય કોઈ પણ કાયદા અમલમાં હોઈ અથવા તો તે કાયદાના આધારે અમલમાં રહેલા કોઈ પણ દસ્તાવેજમાં તેની સાથે કંઈ પણ અસંગત હોઈ. આમ કલમ–૨૩૮ માં આ મુજબનું ઠરાવેલ હોઈ ત્યારે પણ અન્ય બીજા કોઈ કાયદાથી સ્થાપિત બાબતો, નિર્ણયો, દસ્તાવેજો અથવા તો જે કંઈ પણ હોઈ તે લાગુ કરી શકાય નહી અને આઈબીસીની જ જોગવાઈઓ લાગુ કરી શકાશે. તે સંજોગોમાં પણ હાલની અરજી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ હેઠળની હોઈ, ચાલવાપાત્ર રહેતી નથી.

(૧૩) ઉપરોકત કરવામાં આવેલી સમગ્ર ચર્ચાના અંતે સામાવાળા સીમા ઈલેકટ્રીકનાઓ ધ્વારા આપવામાં આવેલી અરજી મંજુર થવાપાત્ર હોઈ તેઓની સામે માંગવામાં આવેલ દાદ અંગેની વસુલાત અરજી રદ કરવાપાત્ર ઠરતી હોઈ, જયારે બાકીના સામાવાળા સામેની વસુલાત અરજીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી યોગ્ય જણાતી હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

આ કામના સામાવાળાની હાલની આંક–૨૦ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને સામાવાળા સીમા ઈલેકટ્રીક લાઈટીંગ પ્રોડકટસ ઈન્ડીયા પ્રા.લી. નાઓ સામેની હાલની વસુલાત અરજી આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે તે સિવાયના સામાવાળા સામેની અરજીની ઈન્સાફી કાર્યવાહી જે તબક્કેથી બાકી હોઈ તે તબક્કેથી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ : ૦૧/૦૪/૨૦૨૬** **(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**નડીઆદ.** **પ્રિસાઈડીંગ ઓફિસર**
(M.D.) **મજૂર અદાલત, નડીઆદ.**
[GJ01255]